| | |
|---|---|
| | દાખલ થયા તારીખ–૧૦/૦૩/૨૦૨૬ |
| | રજીસ્ટર થયા તારીખ–૧૦/૦૩/૨૦૨૬ |
| | જાહેર કર્યા તારીખ–૨૮/૦૪/૨૦૨૬ |

**<u>મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ કોર્ટ ગરુડેશ્વર, જી.નર્મદા</u>**

ક્રિમીનલ કેસ નંબર–૩૬૨/૨૦૨૬

આંક–

ફરીયાદી: સરકારશ્રી

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી : હરેશભાઈ દિનેશભાઈ તડવી
રહે.મંદિર ફળીયુ,ખડગદા,તા.ગરૂડેશ્વર,જી.નર્મદા.

ગુનો: પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી તથા
એમ.વી.એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ મુજબ

---

સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી આર.બી.વસાવા
આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એ.ઠાકોર

---

**<u>જજમેન્ટ</u>**

(૧) આ કામના ફરીયાદીની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૦૯/૨૦૨૫ ના ક.૧૮/૦૦ વાગે મોજે ઝરીયા ત્રણ રસ્તા ખાતે ગે.કા.વગર પાસ પરમીટનો નશો કરી પોતાના કબજાની બ્લેક કલરની હીરો હોન્ડા કંપનીની સ્પેલેન્ડર પ્લસ મો.સા જેનો રજી.નં–GJ–૦૧–DL–૪૫૭૦ ની જે જાહેર રોડ ઉપર લાઈસન્સ વગર વાંકીચુકી હંકારી લાવી

પેટ્રોલીંગ દરમ્યાન પકડાઈ જઈ ,પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ મુજબનો ગુનો કરતાં તે મુજબની ફરીયાદ ગુ.ર.નં.બી.૧૧૮૨૩૦૧૪૨૫૦૩૭૭/૨૦૨૫ થી એકતાનગર પો.સ્ટે.માં નોંધાયેલ. ત્યારબાદ સદર ગુનાના કામનુ ચાર્જશીટ અત્રેની કોર્ટમાં ઉપરોકત ક્રિમીનલ નંબરેથી રજીસ્ટરે નોંધવામા આવેલ.

**(૨)** ત્યારબાદ આરોપીને સદર કામે સમન્સ કાઢવામાં આવેલ અને આરોપી હાજર થતાં પોલીસ પેપર્સની નકલો પુરી પાડયા બાદ આરોપી જવાબ આંક–૫ થી નોંધવામાં આવેલ. જેમાં આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતાં આરોપી વિરૂધ્ધ આગળની ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન ફરીયાદપક્ષ દ્ધારા નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**મૌખિક પુરાવા:–**

(૧) આંક–૦૭ થી ફરીયાદી જીગ્નેશભાઇ સોમાભાઇની જુબાની

(૨) આંક–૦૯ થી પંચસાહેદ વિષ્ણુભાઇ નાગજીભાઇ તડવીની જુબાની

(૩) આંક–૧૧ થી પંચસાહેદ પ્રકાશભાઇ પ્રેમાભાઇ તડવીની જુબાની

(૪) આંક–૧૨ થી ત.ક.અમલદાર રાજેશભાઇ બીજલભાઇની જુબાની

**દસ્તાવેજી પુરાવા:–**

(૧) આંક–૧૦ થી આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ

(૨) આંક–૦૮ થી અસલ ફરિયાદ

(૩) આંક–૧૩ થી ફોર્મ એ

**(3)** ઉપર મુજબનો પુરાવો રજુ થયા બાદ સદર કામના આરોપીનુ બી.એન.એસ.એસની કલમ ૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ તથા બંને પક્ષકારોની દલીલોના અંતે મારા ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધા ઉપસ્થિત થાય છે.

**મુદ્ધા**

**૧.** શું ફરીયાદ પક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૦૯/૨૦૨૫ ના ક.૧૮/૦૦ વાગે મોજે ઝરીયા ત્રણ રસ્તા ખાતે

ગે.કા.વગર પાસ પરમીટનો નશો કરી પોતાના કબજાની બ્લેક કલરની હીરો હોન્ડા કંપનીની સ્પેલેન્ડર પ્લસ મો.સા જેનો રજી.નં–GJ–૦૧–DL–૪૫૭૦ ની જે જાહેર રોડ ઉપર લાઇસન્સ વગર વાંકીચુકી હંકારી લાવી પેટ્રોલીંગ દરમ્યાન પકડાઈ જઈ ,પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ મુજબનો ગુનો કરેલ છે?

**૨.** શું હુકમ?

(૪) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે મુજબ આપેલ છે અને તેના કારણો ત્યારપછીના આપેલ છે.

**૧.** નકારમાં,

**૨.** આખરી હુકમ મુજબ

## કારણો

(૫) સદર કામે ફરીયાદપક્ષે આરોપીના શરીર સ્થિતિના પંચનામાના પંચસાહેદ વિષ્ણુભાઇ નાગજીભાઇ તડવીને આંક–૦૯ અને પંચસાહેદ પ્રકાશભાઇ પ્રેમાભાઇ તડવીને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. તેઓ આંક–૧૦ થી રજુ આરોપીના શરીર સ્થિતિના પંચનામાંના પંચ સાહેદ છે. તેઓ તેમની જુબાનીમાં રજુ થયેલ આરોપીના શરીર સ્થિતિનું પંચનામું જોઈ તેમાં પોતાની સહી હોવાનું ઓળખી બતાવે છે. સદર પંચ સાહેદ ફરીયાદ પક્ષના પંચનામાની હકીકતોને લેશ માત્ર સમર્થન કરતાં ન હોય ફરીયાદ પક્ષે તેમને ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર કરેલ છે અને પંચનામામાં માત્ર સહી પુરતી જ હકીકતો જણાવે છે. આ સંજોગોમાં સદર પંચ સાહેદનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ બની શકે તેમ નથી.

(૬) વધુમાં સદર કામે ફરીયાદપક્ષ તરફે પોતાની હકીકતના સમર્થનમાં ફરીયાદી જીગ્નેશભાઇ સોમાભાઇને આંક–૦૭ થી તથા ત.ક.અમલદાર રાજેશભાઇ બીજલભાઇને આંક–૧૨ થી સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસની હકીકતો તેમજ આંક–૦૮ વાળી ફરીયાદની હકીકતોને સમર્થનકારી પુરાવો આપેલ છે. જે તેમની સરતપાસ તથા ઉલટતપાસનો સંપુર્ણપણે અભ્યાસ કરવામા આવેલ.

(૭) ફરીયાદપક્ષ વારા રજુ થયેલ તમામ પુરાવો સંયુકત રીતે વંચાણે લેતા એ હકીકત ફલીત થઈ આવે છે કે,પંચસાહેદે અદાલત સમરાના પુરાવામાં પંચનામાની કોઈ હકીકતને સમર્થન આપેલ નથી અને પોલીસે તૈયાર પંચનામામાં સહી લીધાનું જણાવેલ છે. પંચનામાની હકીકત બાબતે કઈ જાણતા નથી તેમ જણાવે છે અને હોસ્ટાઈલ થયા બાદ પણ ફરીયાદપક્ષ ઉલટ તપાસમાંથી મહત્વની કોઈ પંચનામુ પુરવાર થવા અંગેની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. ફરીયાદી અને ત.ક.અમલદારે અદાલત સમક્ષ પોતાની જુબાની આપી ફરીયાદપક્ષને સમર્થન આપવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ આ કામે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાનુ સમર્થન નથી.

આમ, ફરીયાદી અને ત.ક.અમલદાર જે પોલીસના માણસ હોઈ સ્વાભાવિક રીતે જ પોતાનો કેસ પુરવાર કરવામાં રસ હોઈ શકે પરંતુ તેઓની જુબાનીને આ કામે તપાસવામાં આવેલ સ્વતંત્ર પંચસાહેદની જુબાનીને સમર્થન મળેલ નથી. આમ ફરીયાદપક્ષ આ કામે જુબાનીથી ફરીયાદ હકીકત પુરવાર કરી શકેલ ન હોય ફરીયાદી અને ત.ક.અમલદાર કે જેઓ પોલીસના માણસો છે અને હીત ધરાવનાર સાહેદો છે તેઓની એકલાની જુબાની પર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.

**(૮) મુંબઈ પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ ૧૯૫૯ નાં રૂલ ૪(૨) તરફ દોરવામાં આવેલ છે. સદર નિયમમાં કરવામાં આવેલી જોગવાઈઓ જોવામાં આવે તો લીધેલ નમુનાં લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફત અથવા ખાસ સં દેશાવાહક મારફત મોકલી આપવાનું આવું લોહી લીધાનું તારીખથી સાત દિવસની અંદર મળી જાય તે રીતે મોકલવું. નામદાર વડી અદાલતે ૧૯૯૦(૨), ગુજરાત લો હેરાલ્ડ પાના નં. ૪૫૧ ગુજરાત રાજ્ય વિરુધ્ધ બાપુજી સવાજીભાઈનાં કેસમાં પ્રતિપાદિત કરવામાં આવેલ સિંધ્ધાતને લક્ષમાં લેતાં લીધેલ નમુનો સાત દિવસની અંદર પ્રયોગશાળામાં પહોંચી જવો જોઈએ. નામદાર** ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ ઉપરોકત માર્ગદર્શક સિધ્ધાંતોને ધ્યાને લઈ હાલના કેસની હકીકતોને ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપી પોતાના વાહન સાથે દારૂ પીધેલા કબજે કરવામાં આવેલ હોય તેવી ફરીયાદ

પક્ષની હકીકતોને સ્વતંત્ર પંચસાહેદ સમર્થન આપતા નથી. આ કામે આરોપીનુ લોહીનો નમુનાનુ સેમ્પલ લેવામાં આવેલ છે જે અંગેનું ફોર્મ એ આંક–૧૩ થી રજુ થયેલ છે પરંતુ તે લોહીના નમુનાનુ સેમ્પલ એફ.એસ.એલ.માં પૃથ્થકરણ સારૂ મોકલેલ કે કેમ તેમજ જો લોહીનો નમુનાનુ સેમ્પલ એફ.એસ.એલ. કચેરીમાં મોકલેલ હોય તો તે અંગેનો એફ.એસ.એલ.નો રીપોર્ટ આ કામે રજુ કરવામાં આવેલ નથી. આમ, આ કામના આરોપી બનાવની તારીખે, સ્થળે અને સમયે પોતાના વાહન સાથે દારૂ પીધેલ હાલતમાં પકડાયેલ હોવાની હકીકત ફરીયાદપક્ષ તરફે પુરાવા થકી પુરવાર કરવામાં આવેલ નથી જે ફરીયાદપક્ષના કેસમાં એક મહત્વનો ખામીયુકત પુરાવો છે અને તે ખામીનો લાભઆરોપીને મળવાપાત્ર છે તે સંજોગો ધ્યાને લેતાં આરોપીને પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી) અને એમ.વી.એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ માં શકનો લાભ મળવાપાત્ર છે.

વધુમાં સદર કામના આરોપી સામે મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ મુજબનો ગુનો પણ નોંધાયેલ છે. પરંતુ સદર મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૯– દોષિત ઠરાવવા ઉપર નિયંત્રણની આદેશાત્મક જોગવાઈઓનું જ્યારે પાલન થયેલું હોય ત્યારે જ મોટર વ્હીકલ એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ અન્વયે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય. હાલનાં કેસમાં મોટર વ્હીકલ એકટની કલમ ૨૦૯ ની આદેશાત્મક જોગવાઈનું પાલન થયેલું ન હોય જેથી સદર કલમનો લાભ આરોપીને મળવાપાત્ર હોય આરોપીને સદર મોટર વ્હીકલ એકટની કલમ–૧૮૫,૩,૧૮૧ મુજબનાં ગુનામાં પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

આમ, ફરીયાદપક્ષ આ કામે આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરી શકેલ ન હોય **મુદ્દા નં.૧** નો જવાબ નકારમાં કરાવી **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –હુકમ–

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રો.કોડની કલમ–૨૫૫ (૧) અન્વયે પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)બી તથા એમ.વી.એકટની કલમ ૧૮૫,૩,૧૮૧ મુજબના હાલના શિક્ષાપાત્ર ગુનાના આક્ષેપમાંથી શંકાનો

લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીના જામીન તથા જાતમુચરકા અપીલ સમય માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલ સમય માટે રૂા. ૧૫૦૦૦/– ના જાતજામીન રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૮ મી,માહે એપ્રિલ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સભળાવી જાહેર કર્યો

**તા.૨૮/૦૪/૨૦૨૬**

**સ્થળ: ગરૂડેશ્વર**

(જે.એમ.દવે)
**જયુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ**
**ગરુડેશ્વર, જી.નર્મદા**
**જીજે.૦૧૬૨૭**